# ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ

**(ગુજરાત સરકારનુ જાહેર સાહસ)**

બ્લોક નંબર-૧, ડી-૧ વિંગ, ત્રીજો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ,

ગાંધીનગર-૩૮૨૦૧૦.

રાજ્યના સફાઇ કામદારો અને તેમના આશ્રિતો દ્વારા બેંકમાંથી લીધેલ લોન પર વ્યાજ સબસીડી આપવા માટેની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં સફાઇ કામદાર અને તેમના આશ્રિતો દ્વારા બેંક મારફતે ધંધા/રોજગાર માટે ખરીદેલ વાહન, સ્વરોજગારી યોજના, ભારતમાં અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બેંકમાંથી લીધેલ લોનના વ્યાજમાં નીચે દર્શાવેલ યોજનાઓમાં સબસીડી આપવા અંગેની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

| ક્રમ | યોજનાનું નામ | વ્યાજ સબસીડી દર | લાભાર્થીદીઠ મહત્તમ વાર્ષિક સહાય (વધુમાં વધુ ત્રણ વર્ષ માટે) |
|---|---|---|---|
| ૧ | ભારતમાં અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બેંકમાંથી લીધેલ લોન પર વ્યાજ સબસીડી | ૬% | ૧.૫૦ લાખ |
| ૨ | સ્વરોજગાર માટે બેંકમાંથી લીધેલ લોન પર વ્યાજ સબસીડી | પુરૂષ લાભાર્થી ૬% અને મહિલા લાભાર્થી ૭% | પુરૂષ લાભાર્થી માટે ૬૦ હજાર અને મહિલા લાભાર્થી માટે ૭૦ હજાર |
| ૩ | પરીવહન માટે બેંકમાંથી લીધેલ લોન પર વ્યાજ સબસીડી | ૬% | ૧.૨૦ લાખ |

સફાઇ કામદાર અને તેમના આશ્રિત અરજદારો પાસેથી ઓફલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. નિયત નમૂનાની અરજી જે તે જિલ્લાની નાયબ નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી ખાતેથી મેળવવાની રહેશે. અરજી કરતા પહેલા યોજનાની વિગતો અવશ્ય વાંચી લેવા જણાવવામાં આવે છે.

## <u>યોજનાની પાત્રતાની શરતો / ધોરણ નીચે મુજબ રહેશે.</u>

(૧) લાભાર્થી ગુજરાત રાજયના વતની હોય અને સફાઇ કામદાર અને તેમના આશ્રિત અરજદાર હોવા જોઇએ. (૨) લાભાર્થી ધ્વારા બેંકમાંથી મેળવેલ લોન અંગેનો પુરાવો વ્યાજ સહાય મેળવવા માટે નિગમને રજૂ કરવાનો રહેશે. (૩) ભારતમાં અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસના હેતુ માટે બેંક મારફતે લીધેલ લોન પર રૂ.૨૫.૦૦ લાખ સુધીની મર્યાદામાં મહત્તમ રૂ.૧.૫૦ લાખ સુધીની વ્યાજ સહાય ત્રણ વર્ષ માટે મળવાપાત્ર થશે. (૪) સ્વરોજગાર માટે બેંકમાંથી લીધેલ લોન પર રૂ.૧૦.૦૦ લાખ સુધીની મર્યાદામાં પુરૂષ લાભાર્થીને ૬% લેખે મહત્તમ વાર્ષિક રૂ.૦.૬૦ લાખ તેમજ મહિલા લાભાર્થીને ૭% લેખે મહત્તમ વાર્ષિક રૂ.૦.૭૦ લાખની વ્યાજ સહાય ત્રણ વર્ષ માટે મળવાપાત્ર થશે.(૫) પરિવહન અર્થે ધંધા રોજગાર માટે ખરીદ કરેલ વાહન માટે રૂ.૫.૦૦ લાખથી રૂ.૨૦.૦૦ લાખની મર્યાદામાં લીધેલ લોન પર લાભાર્થીને ૬% લેખે મહત્તમ વાર્ષિક રૂ. ૧.૨૦ લાખની વ્યાજ સહાય ત્રણ વર્ષ માટે મળવાપાત્ર થશે (૬) ઉચ્ચ અભ્યાસ માટે વિધાર્થીએ ધોરણ ૧૨માં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ અને વિધાર્થીના કુટુંબની વાર્ષિક આવક મર્યાદામાં ધ્યાને લેવામાં આવશે નહી. (૭) સ્વરોજગાર-પરિવહન માટે લાભાર્થીની ઉંમર ૨૧ થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઇએ અને લાભાર્થીના કુંટુંબની વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લેવામાં આવશે નહિ. (૮)પરિવહન યોજના અંતર્ગત વ્યાજ સહાય મેળવનાર લાભાર્થી ધંધા રોજગાર માટે ખરીદેલ વાહન પાંચ વર્ષ સુધી વેચાણ કરી શકશે નહી. (૯) પરિવહન યોજના અંતર્ગત બેંક ધ્વારા મંજૂર થયેલ લોન અન્વયે ખરીદેલ વાહનના આર.સી.બુકની પ્રમાણિત નકલ નિગમને રજૂ કરવાની રહેશે. (૧૦)પરિવહન યોજના અંતર્ગત ખરીદેલ વાહનનું રજિસ્ટ્રેશન આર.ટી.ઓમાં Business Purpose (Taxi, Maxi, Transport) Vehicle તરીકે કરાવવાનું રહેશે. (૧૧)ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ધ્વારા અમલી શૈક્ષણિક અને સ્વરોજગાર યોજના અથવા વ્યાજ સહાય યોજના આ બંને પૈકી કોઇ એક જ યોજનાનો લાભ લાભાર્થી મેળવી શકશે. (૧૨)લોનના હપ્તા પેટે વર્ષ દરમિયાન મુદ્દલ અને વ્યાજની ભરેલ કુલ રકમની વિગત દર્શાવતા બેંકના સહી સિકકાવાળા આધાર-પુરાવા લાભાર્થી ધ્વારા રજૂ થયેથી વ્યાજ સહાય સીધી જ લાભાર્થીના બચત ખાતામાં જમા મળવાપાત્ર થશે.

**મેનેજીંગ ડીરેક્ટર**
ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ
ગાંધીનગર